OCR RECOGNISING ACHIEVEMENT

**H**

**2373/02**

**GENERAL CERTIFICATE OF SECONDARY EDUCATION**

# GUJARATI

Reading (Higher Tier)

**FRIDAY 23 MAY 2008**

Afternoon

Time: 50 minutes

Candidates answer on the question paper

**Additional materials:** No additional materials are required

*CUP/T47880*

| Candidate Forename | | Candidate Surname | |
|---|---|---|---|

| Centre Number | | | | | | Candidate Number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name in capital letters, your Centre Number and Candidate Number in the boxes above.
- Use blue or black ink.
- Read each question carefully and make sure that you know what you have to do before starting your answer.
- Answer **all** the questions.
- Do **not** write in the bar codes.
- Write your answer to each question in the space provided.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks for each question is given in brackets [ ] at the end of each question or part question.
- The total number of marks for this paper is **50**.
- You do not have to write in full sentences and your answers will not be marked for the accuracy of the language.
- There is no Section 1 in this paper.
- Dictionaries are **not** allowed.

| FOR EXAMINER'S USE | |
|---|---|
| **Section 2** | |
| **Section 3** | |
| **TOTAL** | |

This document consists of **16** printed pages.


© OCR 2008 [100/1299/0] OCR is an exempt Charity
**[Turn over**

## Section 2

**Exercise 1: Questions 1–5**

Read an extract from a letter from your friend Rekha.

... હું અને મારો ભાઈ વિશાલ અમારા બગીચામાં દડાથી રમતાં હતા. મેં દડાને લાત મારી અને દડો સીધો મારી મમ્મીએ કપડાં સૂકવ્યાં હતાં તેમાં ગયો. મેં જોયું કે મારા પપ્પાના સફેદ ખમીસમાં ખરાબ ડાઘો પડી ગયો હતો. મારી મમ્મીને ખબર પડે તે પહેલાં અમે જલદીથી કપડાંના મશીનમાં ખમીસ પાછું ધોઈ નાખ્યું.

પછી મારા ભાઈએ દડો જોરથી ફેંકયો તો સીધો આમારા કાચના દરવાજા પર ગયો. મોટો અવાજ આવ્યો એટલે મારી મમ્મી બહાર નીકળી અને અમારે દરવાજો તો સાફ કરવો પડયો પણ સાથે સાથે બીજી બારીઓ પણ સાફ કરવી પડી. પણ પછી જોયું તો ગમ્યું કે ઘર બહુ ચોખ્ખું લાગતું હતું.....

© OCR 2008

Answer the questions **in English**.

| | |
|---|---|
| **Example** | |
| **Question:** | Where were Rekha and Vishal playing? |
| **Answer:** | In their garden ........................................................................ |

**1** Which item of clothing got dirty?

..........................................................................................................................[1]

**2** Where did they put the item of clothing?

..........................................................................................................................[1]

**3** What exactly did the ball hit later?

..........................................................................................................................[1]

**4** What was their punishment?

..........................................................................................................................[1]

**5** Why did they feel pleased in the end?

..........................................................................................................................[1]

[Total: 5 marks]

© OCR 2008

**Exercise 2: Questions 6–13**

સુજયને મળેલો પરેશનો ઈ-મેઈલ વાંચો.

> મારા કાકાનો દીકરો કુમાર અમદાવાદથી ફરવા આવ્યો છે. તેને અહીંના બાગો અને મહેલો જોવા જવું છે. વળી આજે તડકો અને ગરમી પણ સરસ છે તો અમે દિવસ માટે લંડન ફરવા જવા વિચાર્યું છે. તો તું પણ સાથે આવ.
>
> આપણે બપોરે બાગમાં સુંદર ફુલઝાડ વચ્ચે બેસીને સેન્ડવિચ ખાઈ લઈશું. પછી રાણીનો મહેલ જોઈને સાંજે કોઈ રેસ્ટોરાંમાં જમી લઈશું તો તને શું લાગે છે ?
>
> લિ. પરેશ

સુજયનો જવાબ વાંચો.

> પરેશ
>
> હું તો રજાઓમાં ઘેર એકલો રહીને થાકી ગયો છું. મારા મમ્મીડેડી કામે હોય અને મારી બહેન તો રોજ રોજ બેનપણીઓ સાથે દુકાનોમાં ફરવા જતી રહે. એટલે ચોકકસ મને તમારી સાથે આવવું ગમશે અને આપણે આનંદ કરીશું.
>
> લિ. સુજય

નીચેના દરેક સવાલમાં સાચા ખાનામાં ( ✓ ) મૂકો.

**દાખલોઃ**

કુમાર પરેશનો ............... છે.

દોસ્ત ☐ ભાઈ ☑ ✓ કાકો ☐

**6** કુમાર ............... માટે આવેલો છે.

કામ ☐ લગન ☐ રજાઓ ☐ [1]

© OCR 2008

7 આજનું હવામાન ........... છે.

ઠંડું ☐ ગરમ ☐ સાધારણ ☐ [1]

8 તેઓને દિવસ માટે .............. જવું છે.

શહેરમાં ☐ જંગલમાં ☐ દરિયાકિનારે ☐ [1]

9 પરેશ સુજયને તેઓ સાથે જવા ........... આપે છે.

સમાચાર ☐ સૂચના ☐ આમંત્રણ ☐ [1]

10 બપોરે તેઓ ............. જમશે.

ખુલ્લી હવામાં ☐ રેસ્ટોરાંમાં ☐ મહેલમાં ☐ [1]

11 સુજયને રજાઓમાં ............... આવે છે.

આનંદ ☐ ગુસ્સો ☐ કંટાળો ☐ [1]

12 સુજયને તેની ............... જોઇએ છે.

બહેનનું સંગીત ☐ બહેનનો સાથ ☐ બહેનનો કેમેરા ☐ [1]

13 સુજયની બહેનને ............... ખૂબ પસંદ છે.

ખરીદી કેન્દ્ર ☐ રમતગમતનું કેન્દ્ર ☐ આરોગ્ય કેન્દ્ર ☐ [1]

[Total: 8 marks]

© OCR 2008


**Exercise 3: Questions 14–20**

વડોદરાની એક નિશાળના વિદ્યાર્થીઓ વ્યવસાયના શિક્ષકને શું કહે છે ?

| | |
|---|---|
| વિભા | મારે રેસ્ટોરાંમાં કામ કરવું છે. ગ્રાહકો મારે માટે ઘણા પૈસાની બક્ષિસ મૂકશે એટલે હું સારું કમાઈશ. |
| હુસેન | મને પાર્ટીઓમાં મોડે સુધી કામ કરવામાં વાંધો નહીં આવે. હું સવારે વહેલો ઊઠીને ગીતોનો અભ્યાસ કરીશ. |
| અંજલી | મને બિમાર બાળકો સાથે કામ કરવું ગમશે અને તેઓને સાજાં થતાં જોઈને મને આનંદ થશે. |
| લતા | મારે હોસ્પિટલમાં કામ કરવું છે પણ દર્દીઓ સાથે નહીં. હું ત્યાં જુદી જુદી જાતનું ખાવાનું તૈયાર કરીશ. |
| કમલ | હું ખેતરમાં કામ કરીશ અને ઘઉં, ચોખા અને શાકભાજી ઉગાડીશ. વહેલા ઊઠવામાં મને વાંધો નહીં આવે. |
| રીમા | મારે વાહનો સમા કરવાનું કામ કરવું છે. મારાં કપડાં ગંદા થશે પણ તે ચાલશે. |
| ઝરીના | હું બાળકોને વાંચવા લખવામાં મદદ કરી શકીશ. તેમાં ઘણો આનંદ મળે. |
| દિપેશ | મને નવી નવી ફેશનના કપડાં સીવવા ગમશે. તેમાં સારા પૈસા કમાવાય. |

© OCR 2008

દરેક વિદ્યાર્થીને શું બનવું છે ? ખાનામાંથી યોગ્ય ચિત્ર પસંદ કરો. તેનો અક્ષર સાચા નામ સામે મૂકો.




**દાખલોઃ** વિભા ઝ

| | | | |
|---|---|---|---|
| 14 | હુસૈન | | [1] |
| 15 | અંજલી | | [1] |
| 16 | લતા | | [1] |
| 17 | કમલ | | [1] |
| 18 | રીમા | | [1] |
| 19 | ઝરીના | | [1] |
| 20 | દિપેશ | | [1] |

[Total: 7 marks]

**[Turn over**

© OCR 2008

## Section 3

**Exercise 1: Questions 1–8**

### જુદા જુદા દેશની રહેણીકરણીનો થોડો ખ્યાલ

**રશીદ નાઈરોબીમાં**

અહીં નાઈરોબીમાં હંમેશાં હવાપાણી સારાં હોય છે અને લોકોને રમતગમત અને બહારની બીજી પ્રવૃત્તિઓ માટે સમય ઘણો મળે કારણ કે લગભગ બધાંને ઘેર નોકરો હોય. મોટે ભાગે લોકો બપોરે ઘેર જમવા આવે. યુવાનો શનિરવિ બહાર જ રેસ્ટોરાંમાં જમવા જતા હોય છે પણ સાંજે વહેલાં ઘેર આવી જાય કારણ કે ચોરનો ડર બહુ લાગે.

**સીમા મુંબઈમાં**

મુંબઈમાં હવામાન સારું હોય પણ ચોમાસામાં વરસાદ ઘણો પડે અને ઉનાળામાં બહુ ગરમી હોય એટલે બપોરે બધાં આરામ કરે. આવવા જવા માટે લોકો રીક્ષા અને સાઈકલ વધારે વાપરે. અહીં બધાંને નિરાંત હોય અને ઘણાં લોકો મોડી રાત સુધી કોઈ જાતના ડર વગર ફરતાં હોય.

**રોશની લંડનમાં**

અહીં વરસાદમાં લોકોને સાઈકલ વાપરવી ના ગમે એટલે વધારે તેઓ ટ્રેનમાં, બસમાં અથવા પોતાની ગાડીઓમાં જવાનું પસંદ કરે છે. આ દેશમાં મોંઘવારીને લીધે લગભગ કુટુંબોમાં બધી જ વ્યકિતઓને કમાવા જવું પડે તેમ જ બધું ઘરનું કામ પણ જાતે કરવું પડે. અહીં બપોરનું ભોજન મોટે ભાગે બધાં નિશાળમાં અને કામની જગાઓમાં જમી લે. ઘણા લોકો સમય બચાવવા સુપરમાર્કેટમાંથી સાંજનું ખાવાનું તૈયાર લઈ લે છે.

© OCR 2008

આ કયું શહેર છે ? દરેક ખાલી જગામાં સાચા શહેરનું નામ લખો.

**દાખલો:**

અહીં લોકો બહારની રમતો વધારે રમે છે. ..નાઇરોબી..

1 અહીં બધી વસ્તુઓના બહુ પૈસા પડે. ........... [1]

2 અહીં બારે મહિના હવામાન સરખું હોય. ........... [1]

3 અહીં સાઇકલનો ઉપયોગ વધારે થાય છે. ........... [1]

4 અહીં લગભગ કુટુંબો બપોરનું ભોજન ઘેરે લે. ........... [1]

5 અહીં લોકોને વધારે કામ કરવું પડે છે. ........... [1]

6 અહીં રાતના બહાર ફરવાનું સલામત લાગે. ........... [1]

7 અહીં રાંધેલું ખાવાનું દુકાનોમાંથી મળી શકે. ........... [1]

8 અહીં મોડે સુધી ફરવામાં જોખમ છે. ........... [1]

[Total: 8 marks]

© OCR 2008

**Exercise 2: Questions 9–15**

કમલના કાગળમાંથી એક ફકરો વાંચો.

> અમદાવાદ
> ૩૦ એપ્રિલ ૨૦૦૮
>
> પ્રિય બહેન મીરાં
>
> ......... ગઈ કાલે મને બહુ તકલીફ પડી. સવારે હજી અંધારું હતું ત્યારે હું વડોદરાથી નીકળેલો. હજુ તો હાઈવે પર પહોંચ્યો ત્યાં યાદ આવ્યું કે મારી પેટી તો ગાડીમાં મૂકતાં જ ભૂલાઇ ગઈ હતી. હું કેવો મૂરખ કે ઉતાવળથી મારી વસ્તુઓનો કંઈ જ વિચાર ન કર્યો.
>
> હું પાછો ઘેર જઈને પેટી લાવ્યો તો એક લોરી ઊંધી વળી ગઈ હતી તેથી હું ગાડીઓની ભીડમાં સપડાઈ ગયો. આથી વડોદરાની બહાર નીકળતાં જ પોણો કલાક થઈ ગયો. મને અફસોસ થયો કે હું ગાડીથી જતો હતો. બીજી વખત હું ટ્રેનમાં મુસાફરી કરીશ.
>
> વળી હાઈવે પર પચીસ કિલોમીટર ગયો ત્યાં તો ગાડી ઊભી રહી ગઈ. મને ખ્યાલ આવ્યો કે પેટ્રોલ ભરવાનું તો ભૂલી જ ગયો. એંજીન પણ બહુ ગરમ હતું. મને થયું કે કયાંક આગ લાગશે એટલે મેં મેકેનિકને બોલાવ્યો. તે બે કલાકે આવ્યો તેથી તેના પર મને ગરમી ચડી.
>
> હું અમદાવાદ પહોંચ્યો. વરસાદને લીધે મારે જવું હતું તે રસ્તો બંધ હતો. છેવટે લાંબે રસ્તે માસીને ઘેર સાંજે મોડો પહોંચ્યો....

સાચા જવાબ સામે (✓) કરો.

| | | | |
|---|---|---|---|
| **દાખલો:** કમલ ઘેરથી નીકળ્યો ... | (ક) | રાત્રે | ☐ |
| | (ખ) | સૂરજ ઊગ્યા પહેલાં | ✓ |
| | (ગ) | સૂરજ આથમ્યા પછી | ☐ |

**9** કમલ ઘેરથી નીકળ્યો ત્યારે હતો ...

(ક) બેચેન ☐

(ખ) સાવચેત ☐

(ગ) બેદરકાર ☐ [1]

© OCR 2008

| | | | | | |
|---|---|---|---|---|---|
| 10 | તે પાછો ઘેર ગયો લેવા ... | (ક) | ખાવાનું | ☐ | |
| | | (ખ) | સામાન | ☐ | |
| | | (ગ) | ચોપડીઓ | ☐ | [1] |
| 11 | લોરીને લીધે તે ... | (ક) | હરખાયો | ☐ | |
| | | (ખ) | મુંઝાયો | ☐ | |
| | | (ગ) | ફસાયો | ☐ | [1] |
| 12 | તેને ગાડીમાં સફર કરવાથી ... | (ક) | ખીજ ચડી | ☐ | |
| | | (ખ) | આનંદ થયો | ☐ | |
| | | (ગ) | રાહત થઈ | ☐ | [1] |
| 13 | હાઈવે પર તેની ગાડીમાં... | (ક) | આગ લાગી | ☐ | |
| | | (ખ) | પેટ્રોલ ખલાસ હતું | ☐ | |
| | | (ગ) | પાણી ન હતું | ☐ | [1] |
| 14 | મેકેનિક પ્રત્યે તેને... | (ક) | ગુસ્સો ચડયો | ☐ | |
| | | (ખ) | દયા આવી | ☐ | |
| | | (ગ) | માન થયું | ☐ | [1] |
| 15 | માસીને ઘેર બીજે રસ્તે જવું પડયું | (ક) | રસ્તાના સમારકામને લીધે | ☐ | |
| | | (ખ) | અકસ્માતને કારણે | ☐ | |
| | | (ગ) | હવામાનને કારણે | ☐ | [1] |

[Total: 7 marks]

© OCR 2008

**Exercise 3: Questions 16–25**

તમારી નિશાળના મૅગેઝીનમાં સીમાનો લેખ વાંચો.

**Part A**

નમસ્તે

હું ભારતથી આ નિશાળમાં આવી તેને વર્ષ થયું. પહેલાં મને ભારતના જૂના મિત્રો બહુ યાદ આવતા અને હું નારાજ હતી. પણ હવે તો અહીં ઘણા સારા મિત્રો, જેઓ ઉદાર દિલના છે, તેઓ મને દરરોજ સહાય કરે છે અને તેઓની સાથે હું ભળી ગઈ છું. શરૂઆતમાં તેઓ મને સમજણ આપતા કે વર્ગમાં કામ કેવી રીતે કરવું. આથી હું અહીંની રીતભાતથી ટેવાઈ ગઈ છું.

નીચેનાં વાકયોમાં છેકેલા ખોટા શબ્દોની બદલે સાચા શબ્દો લખો.

**દાખલો:** સીમા એક ~~મહિનાથી~~ આ દેશમાં આવેલી છે.

વર્ષથી

**16** શરૂઆતમાં તે ભારતના દોસ્તોને ~~ભુલી ગઈ~~ હતી. [1]

..........................

**17** શરૂઆતમાં તે ~~થાકની~~ હતી. [1]

..........................

**18** તેના નવા મિત્રો ~~પૈસાદાર~~ છે. [1]

..........................

**19** તેઓ સીમાને કાયમ ~~હેરાન~~ કરે છે. [1]

..........................

**20** હવે અહીંના જીવનથી સીમા ~~કંટાળી~~ ગઈ છે. [1]

..........................

© OCR 2008

## Part B

મારી અહીંની અને ભારતની નિશાળમાં બહુ જ ફરક છે. અહીં વર્ગમાં ફકત ત્રેવીસ વિદ્યાર્થીઓ છે, જ્યારે ત્યાંના વર્ગમાં તો ચાળીસથી પિસ્તાળીસ વિદ્યાર્થીઓ હતા એટલે એક એકને શિક્ષકનું કંઇ ધ્યાન ન મળતું. અહીંના વિદ્યાર્થીઓ કેટલા નસીબદાર છે તે તેઓને ખ્યાલ નથી.

અહીં તો વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે બીક કે શરમાયા વગર બધી જાતની ચર્ચા કરી શકે.આથી તેઓ સ્વતંત્રતાથી પોતાના વિચારો રજુ કરતા શીખે તે મને બહુ ગમે છે. જ્યારે ભારતમાં અમે વધારે પડતું ચોપડીઓમાંથી જ શીખતા એટલે બીજાના અભિપ્રાયો જાણી ન શકીએ.

પણ અહીં અમુક વિદ્યાર્થીઓ વધારે પડતું તોફાન કરે અને શિક્ષકની સામે થાય તે મને જરા પણ પસંદ નથી.

નીચેના વાકયોમાં ખાલી જગા પૂરો. ચોકઠામાંથી યોગ્ય શબ્દો પસંદ કરો.

| | |
|---|---|
| છૂટથી | પૂરતું |
| ~~જુદી~~ | માતાપિતાને |
| થોડુંએ | મોટો |
| નાના | વિચારો |
| પરિણામો | શિક્ષકને |
| | સંકોચથી |

**દાખલો:** ભારતમાં સીમાની નિશાળ સાવ ......જુદી...... હતી.

**21** ભારતમાં સીમાનો વર્ગ બહુ ......................... હતો. [1]

**22** ત્યાં સીમાને ......................... ધ્યાન ન મળતું. [1]

**23** સીમાને ગમે છે કે અહીં વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે ......................... વાત કરે. [1]

**24** ભારતમાં તેઓને વર્ગમાં બીજાના ......................... ખબર ન પડે. [1]

**25** સીમાને લાગે છે કે કોઇક વિદ્યાર્થીઓ ......................... માન ન આપે. [1]

[Total: 10 marks]

© OCR 2008

**Exercise 4: Questions 26–30**

Read this part of a tribute to R. K. Narayan, a south Indian author.



નારાયણ અંગ્રેજી ભાષામાં લખનાર ભારતના સૌથી મહાન લેખક ગણાતા હતા. તેઓ નવલકથાઓ તેમ જ નાની વાર્તાઓ દ્વારા ભારતીય જીવનની રહેણીકરણી બીજી સંસ્કૃતિના લોકોને સમજાવી શકયા હતા.

નારાયણ, તેમના સાદા અને સરળ લેખન માટે પ્રખ્યાત હતા. તેમની વાર્તાઓમાં રમૂજ સાથે ગંભીર વિચારો દર્શાવેલા છે. તેમની વાર્તાઓમાં તેઓ તેમની કલ્પનાથી બનાવેલા ગામ 'માલગુડીની' વાત કરે છે. આ વાર્તામાં તેમણે સામાન્ય લોકોને મૂકયા છે.

નારાયણ તેમના નાનીના ઘરે મોટા થયા હતા. નાની તેમને હંમેશાં લોકકથાઓ સંભળાવતાં હતાં અને તેમના મામાને સાહિત્યમાં ઊંડો રસ હતો. આથી નારાયણ પણ આ બધામાં રસ ધરાવતા હતા.

૨૦૦૧ની સાલમાં ૯૪ વર્ષની ઉંમરે નારાયણ મૃત્યુ પામ્યા.

© OCR 2008

Answer the following questions in **English**.

**Example**

**Question:** In which language were Narayan's most famous works written?

**Answer:** English

**26** What did people from other cultures learn from his writing?

..............................................................................................................................[1]

**27** Why were Narayan's novels and stories easy to read?

..............................................................................................................................[1]

**28** Why would he have never visited Malgudi?

..............................................................................................................................[1]

**29** Who were the heroes of Narayan's stories?

..............................................................................................................................[1]

**30** How did his grandmother develop his interest in story telling?

..............................................................................................................................[1]

[Total: 5 marks]

© OCR 2008

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (OCR) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest possible opportunity.

OCR is part of the Cambridge Assessment Group. Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2008